**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૨ ટકા ● સાંજે ૨૫ ટકા

# ‘ક’ માર્ગ પર વધતાં અકસ્માતો અંગે ઉઠતો ચિંતાનો સૂર

## વાવોલ વિસ્તાર વિકાસ સમિતિની બેઠકમાં વિસ્તારના પાયાના પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા યોજાઈ

ગાંધીનગર, તા.૧૫
ગાંધીનગરના વાવોલ ખાતે વિકસી રહેલા સોસાયટી વિસ્તાર તથા વાવોલ ગામના નાગરિકલક્ષી પાયાના પ્રશ્નો તેમજ સુવિધાઓ અંગે સકારાત્મક અભિગમ સાથે તંત્ર સાથે તાલમેલ સાધી સમસ્યાઓ ઉકેલવા પ્રયાસ કરવા ઉપરાંત સમગ્ર વિસ્તારની સુખાકારી અને મૂલ્યવર્ધન માટે રચનાત્મક કાર્યો કરતી વાવોલ વિસ્તાર વિકાસ સમિતિની એક બેઠક શનિવારે રાત્રે ‘ક’ રોડ પર એસબીઆઈ બેંકની શાખા આગળ શાંતિવન સોસાયટી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં વાવોલની નવવિકસિત ૩૬ સોસાયટી પૈકીની મોટાભાગની સોસાયટીના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી અને બેઠકમાં ‘ક’ રોડ પર વધી રહેલા અકસ્માતના બનાવો, સ્વચ્છતા જાળવણી બાગ-બગીચા જેવી પાયાની સુવિધાનો અભાવ, ચોરી સહિત વધતી ગુનાખોરીની ઘટનાઓ બાબતે સામાન્ય નાગરિકની સલામતી સહિતના પ્રશ્નો અંગે ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

વાવોલ વિસ્તાર વિકાસ સમિતિની બેઠકમાં તાજેતરમાં ‘ક’ માર્ગ પર ગોકુલપુરા નજીક માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનાર ૧૯ વર્ષીય તરૂણી કવિતા પટેલ અને તે અગાઉ પગલે અકસ્માતનો ભોગ બની સ્થળ પર અવસાન પામેલ શિક્ષિકા સાધનાબેન સહિતના



થોડા સમય પહેલા ગંદકી અને રખડતાં ઢોર જેવી સમસ્યાને નાના-મોટા અકસ્માતોની વધતી સંખ્યાનો મુદ્દો ચર્ચાના કેન્દ્રસ્થાને રહ્યો હતો. આ મુદ્દે તમામ ઉપસ્થિત સભ્યો દ્વારા સર્વાનુમતે નિર્ણય લઈને ‘ક’ માર્ગ પરના ગેરકાયેદસર દબાણો હટાવી ગંદકી દૂર કરવા, જે જગ્યાએ સૌથી વધુ અકસ્માતો સર્જાય છે ત્યાં રખડતા ઢોર ઢાંખર માર્ગ પર આવે નહી તે માટે રોડની બંને તરફ તથા વચ્ચે ડિવાઈડર પર રેલીંગ લગાડવા, આ માર્ગ પર શકય હોય તેટલી સંખ્યામાં વધુ સીસીટીવી કેમેરા લગાડવા, સ્પીડ બ્રેકર્સની સંખ્યા વધારવા, ઝીબ્રા ક્રોસીંગ તથા રેડિયમ પટ્ટી લગાડવા જેવા સુરક્ષાત્મક પગલાં લેવા સાથે સ્ટ્રીટલાઈટની સુવિધા વિકસાવવા જિલ્લા કલેકટર સહિત લાગતા વળગતા જવાબદાર તંત્રને આવેદનપત્ર આપવા નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત વાવોલ વિસ્તારમાં બાગ બગીચા, લાયબ્રેરી, સિનિયર સિટીઝન પાર્ક સહિતની પાયાની સુવિધા વિકસાવવા સ્થાનિક સંસદ સભ્યને રજૂઆત કરવા અને સમિતિ વતી ‘આનંદની દિવાલ’ જેવા રચનાત્મક કાર્યોને વેગ આપવા સર્વ સંમતિથી નિર્ણય કરાયો હતો. બેઠકના પ્રારંભે અકસ્માતમાં ભોગ બનેલ શિક્ષિકા અને તરૂણીને મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. બેઠકના સમાપને યજમાન સોસાયટીના સભ્યોનો આભાર માનવામાં આવ્યો હતો.



લાયન્સ કલબ ગાંધીનગર અને ઓગણજ આંખની હોસ્પિટલ દ્વારા આજરોજ તા. ૧૫-૩-૩૦૩૦ના રોજ પીપલજ તા. દહેગામ ખાતે ૨૫મા નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.
જેમાં કુલ ૨૮૮ પેશન્ટની તપાસ થઈ હતી. આ ઉપરાંત ૧૮૮ જેટલા લાભાર્થીઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ ૪૯ જેટલા દર્દીઓને મોતિયાનું નિદાન થયું હતું અને ૨૫ જેટલા દર્દીઓને ઓગણજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.
લાયન સભ્યોની પ્રોત્સાહક હાજરી માટે લાયન પ્રમુખ બી. કે. રાજેશ ગૌડાએ સૌ લાયન સભ્યોનો હૃદયથી આભાર માન્યો હતો. સમગ્ર કેમ્પનું આયોજન સેકન્ડ વિડીજી લાયન જગદીશ અગ્રવાલ દ્વારા કરવામાં આવ્યું હતું અને ડાયરેક્ટર વિઝન લાયન કે.પી.પ્રજાપતિ, લાયન કોકિલાબેન પ્રજાપતિ, લાયન રાજેશ ગૌડા, લાયન ઉમંગ પંડયા, લાયન નટુભાઈ સોલંકી, લાયન શૈલેશ પટેલ, લાયન નયન મધુકર, લાયન સંજય પટેલ, લાયન ઉપેન્દ્ર સોલંકી, લાયન મોહનભાઈ પરમાર, લાયન હરિભાઈ સોલંકી, લાયન ડો વૈદહિબેન તાતુ, લાયન રશ્મિન વઘેલા, લાયન હાર્દિક કંસારા ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.



જિલ્લા એન.સી.ડી. અને જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ દ્વારા જીમખાના સે-૨૧ ખાતે ડાયાબિટીસ અને બીપીનો ફ્રી કેમ્પ તા. ૧૫ માર્ચના રોજ યોજાયો હતો. જેમાં યોગ અને વિજ્ઞાનના સમન્વય દ્વારા હોલિસ્ટીક લાઈફ કોચ ચિરાગ જાની દ્વારા સકારાત્મક અને હકારાત્મક ભાવ કેવી રીતે જીવનમાં લાવવો અને યોગાચાર્ય ખીમજીભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ જીવન જીવવાની શૈલી ઉપર જીવવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

# સેકટર-૨૫ અપહરણ કેસમાં ચારની ધરપકડ

ગાંધીનગર, તા.૧૫
ગાંધીનગરના સેકટર-૨૫ ના થયેલા ચકચારી અપહરણ કેસમાં સંડોવાયેલા પૈકી ચાર આરોપીઓને સેકટર-૨૧ પોલીસે ઝડપી લીધા છે. પોલીસે આરોપીઓને પકડી કોર્ટમાં રજુ કર્યા હતા.જયારે આ ચારેય આરોપીઓના ૨૦ માર્ચ સુધીના પોલીસ રીમાન્ડ મંજુર થયા છે. પોલીસે ગુનાના મુળ સુધી પહોંચવા આરોપીઓની સઘન પુછતાછ હાથ ધરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ આ કેસના આરોપી ખીમાજી ઉર્ફે પીન્ટુ મુળાજી મારવાડી (ઉં.વ.૨૭ રહે. ધોળાકુવા, રાવળવાસ તા.જી.ગાંધીનગર, મુળ રહે. પાંચ



પાંજરા તા.ભીનમાલ જી.જાલોર રાજસ્થાન), પ્રશાંત રમેશચંદ્ર શ્રીમાળી (ઉં.વ.૨૬ રહે.બ્લોક નં.૩૨-૪ છ ટાઈપ સે-૨૨ મુળ રહે.પલીયડ શ્રીમાળીવાસ તા.કલોલ), સરફરાઝ ઉર્ફે નવાઝ સીરાજખાન પઠાણ (ઉં.વ.૩૩, રહે.૧૬ સંજરી પાર્ક એપાર્ટમેન્ટ પેથાપુર તા.જી.ગાંધીનગર, મુળ રહે. વોર્ડ નં.૪ નુરી મસ્જીદ બૈહર ચોકી ગામ-બાલાઘાટ મધ્યપ્રદેશ), હરેશ ભગવાનભાઈ શીયાળ (ઉં.વ.૩૨ રહે.૧૫૧-ઈ ખેડુત વાસ પચાસ ભારીયા ભાવનગર)ને પોલીસે પકડી પાડી કોર્ટમાં રજુ કરી વધુ તપાસ હાથ ધરી છે.




સામાજિક અને મહિલાલક્ષી કાર્યક્રમનું આયોજન સંસ્કૃતિ મહિલા પરિવાર ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે એક સુંદર કાર્યક્રમનું આયોજન શ્રી ભુવનેશ્વરી મહાદેવ તીર્થ, સેકટર-૬ ખાતે કરવામાં આવ્યું હતું.



અંગ્રેજ શાસનકાળ દરમિયાન મહાત્મા ગાંધી દ્વારા કરવામાં આવેલ અહિંસક સવિનય કાનૂન ભંગ ચળવળ વર્ષ ૧૯૩૦ ૧૨ માર્ચથી શરૂ થઈ ૨૪ દિવસ ચાલી હતી આ દિવસને યાદ કરતા નગરના યુવા રાઈડર્સ બાઈક રેલી દ્વારા સાબરમતીથી દાંડી સુધી પહોંચ્યા હતા.



સે-૫ યોગા ગૃપમાં સવારે નિયમિત યોગા કરતા સભ્યો સુરેન્દ્રસિંહ વાઘેલા, વિનોદભાઈ ભટ્ટ, લક્ષ્મણસિંહ વાઘેલા, જગદીશભાઈ પટેલ અને મહેન્દ્રભાઈ નાયીના જન્મદિન નિમિત્તે સે-૫ બગીચા ખાતે સર્વે સભ્યો દ્વારા વનભોજન કરી ઉજવણી કરવામાં આવી હતી. સેકટરના વસાહતીઓ સાથે અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**
**અંગ્રેઝી મીડિયમ**
૧૦.૨૫,૧૧.૩૦, ૧.૩૦, ૨.૩૫, ૪.૩૫, ૫.૪૦, ૭.૪૦, ૮.૪૫, ૧૦.૪૫
**બ્લડ શૂટ**
૧૦.૧૦, ૧૨.૩૫, ૩.૦૦, ૮.૨૦, ૧૦.૪૫
**બાઘી-૩**
૯.૫૫, ૧.૦૦, ૪.૦૫, ૫.૨૦, ૭.૧૦, ૧૦.૧૫
**થપ્પડ**
૭.૦૦
**ગોળ કેરી (ગુજરાતી)**
૧૦.૫૫, ૪.૧૫, ૧૦.૦૦
**શુભ મંગલ ઝયાદા સાવધાન**
૧.૪૦

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**
**અંગ્રેઝી મીડિયમ**
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૧૦, ૩.૨૦, ૪.૨૦, ૬.૩૦, ૯.૪૫, ૧૦.૪૫
**બાગી-૩**
૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
**ગોળ કેરી (ગુજરાતી)**
૧.૧૦, ૭.૩૦
**બ્લડ શુટ**
૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

**સિટી પલ્સ, કુડાસણ**
**અંગ્રેઝી મીડિયમ**
૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫
**બ્લડ શૂટ**
૧૦.૧૫, ૧૨.૩૦, ૫.૩૦, ૭.૪૫
**બાઘી-૩**
૨.૪૫, ૬.૩૦, ૧૦.૦૦
**થપ્પડ**
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
**ગોળ કેરી (ગુજરાતી)**
૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૭.૦૦

## પંચદેવ મંદિરે યોજાનાર કથા મુલત્વી

ગાંધીનગર, તા.૧૫
કોરોના વાયરસ સામે સાવચેતીના પગલાંરૂપે સભા અને મેળાવડા જેવા તમામ કાર્યક્રમો રદ કરવા કે મુલ્તવી રાખવાનો સરકારે આદેશ આપ્યો છે. આ આદેશના પગલે સેકટર-૨૨ પંચદેવ મંદિરના પ્રાંગણમાં નીલકંઠ શાસ્ત્રીની વ્યાસપીઠે યોજાનાર કથાને મુલ્તવી રાખવામાં આવી છે જેની ભાવિકોએ નોંધ લેવી.

# કોરોનાથી ડરો ના, બસ સચેત રહી સાવધાનીને ટાળો ના...!!

## કોરોના વાઈરસના સમાચારોને પગલે વૈશ્વિક ચિંતાનો માહોલ જરૂર છે પરંતુ નગરિકોમાં તેનો ડર ના ફેલાય તે પણ એટલું જ જરૂરી : સરકારે માસ્ક અને સેનેટાઈઝરના નિઃશુલ્ક વિતરણ જેવી વ્યવસ્થા ઉભી કરી વધુ વિશ્વાસનો માહોલ કેળવવાની જરૂર




ગાંધીનગર, તા.૧૫
‘વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા કોરોના વાઈરસ કોવિદ-૧૯ને મહામારી જાહેર કરવામાં આવી’, ‘ભારતમાં કોરોનાને રાષ્ટ્રીય કટોકટી જાહેર કરવામાં આવી’, ‘કોરોનાનો કાળો કેર વર્તાયો’, ‘કોરોનાના કાળમુખી ખપ્પરમાં વધુ નાગરિકો હોમાયા’, ‘કોરોના વિશ્વના ૧૩૦ દેશોમાં પ્રસર્યો’, ‘ભારતમાં કોરોનાએ બીજો ભોગ લીધો’, ‘ગુજરાતમાં કોરોનાનો શંકાસ્પદ દર્દી હોસ્પિટલમાંથી ભાગ્યો’, ‘રાજયમાં કોરોનાને પગલે શાળા કોલેજો બંધ, ધાર્મિક-સામાજિક મેળાવડાઓ પર પ્રતિબંધ’. છેલ્લા ઘણા દિવસથી અખબારો સહિત તમામ સમાચાર માધ્યમોમાં આ પ્રકારના સમાચારો વાંચીને જોઈને ચોતરફ ‘કોરોના’ને પગલે ભય અને ચિંતાનો માહોલ સર્જાયો છે. જો કે બીજી તરફ વડાપ્રધાનથી માંડીને ગુજરાતના આરોગ્ય સચિવ સુધી તમામ જવાબદાર તંત્ર દ્વારા કોરોના વાઈરસને પગલે ડરવાની જરૂર નથી પરંતુ સતર્કતા આવશ્યક છે તે સંદર્ભના નિવેદન આપવામાં આવી રહ્યા છે અને સરકારી માધ્યમો દ્વારા ‘કોરોના’ વાઈરસના સંક્રમણથી બચવા દરેક નાગરિકે ધ્યાનમાં રાખવા જેવી પ્રાથમિકતાઓ અંગે ‘કોલરટયુન’ સહિતનો પ્રચાર-પ્રસાર પણ આરંભી દેવામાં આવ્યો છે. જો કે ‘કોરોના’ની ઘાતકતા અંગે પ્રસરેલી સાચી ખોટી તમામ માહિતીના પગલે સામાન્ય નાગરિક ડર સાથે ચિંતામાં મુકાય તે સ્વાભાવિક છે, ત્યારે તેનો ડર દૂર થાય તે સાથે વધુ સભાનતા સાથે સતર્કતાના અસરકારક પગલાં લઈ શકે તે માટે વિશ્વાસ આવે તેવા પગલાં ભરવા જરૂરી બનતાં જાય છે.

‘કોરોના’ વાઈરસના ભયને પગલે એક ક્રિકેટ મેચ અને એક ફુટબોલ મેચ પ્રેક્ષકો





વગર રમાઈ હતી અને છેલ્લા દસ વર્ષથી ભારતીયોના ઉનાળુ વેકેશનનો સૌથી ફેવરિટ ટાઈમ પાસ સમી આઈપીએલ ટૂર્નામેન્ટ પર રદ થવાનો ખતરો તોળાઈ રહ્યો છે. જો કે ભારતીય ક્રિકેટ કપ્તાન વિરાટ કોહલી સહિતના ક્રિકેટરોએ માસ્ક પહેરી કોરોનાથી સાવધ રહેવાનો આપેલ સંદેશ નાગરિકોમાં વધુ ભય ફેલાવાનો સંદેશ પણ બની શકે છે. કોરોના સહિતના વાઈરસ સંક્રમણથી બચવા માસ્ક તથા સેનેટાઈઝરનું બજારમાંથી અદશ્ય થવું અથવા તેના કાળાબજાર થવા, સતત માસ્ક પહેરેલા નાગરિકોને નિહાળવા, ટીવી પર સુમસામ એરપોર્ટ જેવા દશ્યો કે સોશ્યલ મિડીયા પર વાઈરસ કરતાં પણ અનેક ગણી ઝડપે વાઈરલ થતા સાચા ખોટા વિડિયોઝના કારણે દરેક પરિવાર ચિંતિત બનતો જાય છે. અગાઉ લાતુરમાં ભૂકંપ પછીના વર્ષમાં સુરતમાં ફેલાયેલ પ્લેગની બિમારી કે છેલ્લાં બે ત્રણ દાયકામાં સાર્સ, બર્ડ ફલુ, સ્વાઈન ફલુ, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, ઈબોલા વાઈરસ વગરેના સંક્રમણ દરમિયાન ફેલાયેલા ભય કરતા પણ કોરોનાનો ભય વધુ ઘાતકતા સાથે ફેલાઈ રહ્યો છે તે પણ એટલી જ હકીકત છે. એમાં પણ હજુ માંડ વિદાય લઈ રહેલા શિયાળામાં થતી સર્વ સામાન્ય બિમારી શરદી, તાવ, કફ-ઉધરસ જેવા લક્ષણો ધરાવતો અને તેને આધાર બનાવી ફેલાતો કોરોના વસ્તી વધારો ધરાવતા આપણા દેશમાં વારંવાર યોજાતા ધાર્મિક તહેવારો અને સામાજિક મેળાવડાની સંસ્કૃતિમાં કોઈ પણ વાઈરસ આસાનીથી પ્રસરી શકે તેટલી સમજ લગભગ દરેક નાગરિકને છે. આ સંજોગોમાં આરોગ્યતંત્રએ નાગરિકો ગેરસમજનો ભોગ બની ના જાય અને સુરક્ષાના ઉપાયોથી ડરી જવાને બદલે સાચી સમજ કેળવી સતર્કતા દાખવતા થાય તે સાથે આકસ્મિક સ્થિતિને પહોંચી વળવા જરુરી આગોતરી તૈયારીઓથી સજજ રહેવા ‘વિશ્વસનીય’ પ્રયાસો કરવાની જરૂર રહે છે. વળી, આ મહામારી સામે લડવા પ્રાથમિક જરૂરિયાતો જેવી કે માસ્ક, સેનેટાઈઝર તેમજ કિટાણુનાશકો વગેરેની ઉપલબ્ધી વગર કાળાબજારે સરળ બની રહે તે માટે હજુ વધુ અસરકારક પગલાં લેવા પણ જરુરી જણાય છે. શકય હોય તો તેનું સરકારે અન્ય બજેટમાં કાપ મુકી નાગરિકોમાં નિઃશુલ્ક વિતરણ કરી શકાય તે માટે વધુ બજેટ ફાળવી તેની યોગ્ય વ્યવસ્થા સત્વરે ગોઠવવી જોઈએ.

ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના ગાંધીનગરના પ્રમુખ ડૉ. અનિલ ચૌહાણના જણાવ્યા મુજબ વિશ્વમાં ૧,૫૨,૪૨૮ જેટલા નાગરિકો કોરોના ગ્રસ્ત બન્યા છે તેથી ચિંતિત થવું સ્વાભાવિક છે પરંતુ વિશ્વમાં ટીબીથી દૈનિક ૩૦૧૪ અને મેલેરિયાથી દૈનિક ૨૦૦૨ની સંખ્યામાં મૃત્યુ થાય છે તેની સરખામણીએ કોરોનાથી અત્યાર સુધીમાં થયેલા દૈનિક ૫૪ મૃત્યુની સંખ્યા એક ટકા કરતાં પણ ઓછી છે. ભારતમાં ૯૦ જેટલાં કેસ કોરોનાના હોવાનું માલુમ પડયાં પછી આપણે સલામતીના પગલાં સાથે સાવચેતી રાખવી પણ ખૂબ જરુરી છે જે માટે વારંવાર હાથ સાબુ-પાણીથી ધોવા, મોટા મેળાવડાં, ધાર્મિક કે સામાજિક પ્રસંગોને ટાળવાં, ઉધરસ વાળી વ્યકિતથી એક મીટરથી વધુનું અંતર રાખવું, રોગ પ્રતિકારકતા જાળવવી જેવા પગલાં લેવા અત્યંત આવશ્યક છે.

ગાંધીનગરની સરકારી આયુર્વેદ હોસ્પિટલના વૈદ્ય પંચકર્મ રાકેશ ભટ્ટના મત મુજબ વસંતઋતુમાં કફનો પ્રકોપ સામાન્ય હોય છે તેથી અજમો, તુલસી, નીલગિરીના તેલની પોટલી બનાવી ખિસ્સામાં રાખી સુંઘવી, દિવસમાં બે વાર નાસ લઈ ગાયનું ઘી નાકમાં લગાવવું તેમજ રોગપ્રતિકારક શકિત નબળી હોય તેમણે ગુડુત્યાદિ, પથ્યદિ, દશમૂલ, ભારંગયાદી જેવા આયુર્વેદિક ઉકાળા પીવા, સંસમતી વટી બે ગોળી સવાર સાંજ ૧૫ દિવસ સુધી લેવી અને સૂર્યપ્રકાશમાં વધુ રહેવું તેમજ માસ્કનો ઉપયોગ કરવા સાથે ઘરમાં ધૂપ કરવો, પ્રાણાયામ કરવા જોઈએ અને ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળવું જોઈએ. આ સાથે સરકારના આરોગ્ય તંત્ર દ્વારા પણ જાહેર કરાયેલ ગાઈડલાઈનનો જો સતર્કતાથી અમલ કરવામાં આવે તો કહી શકાય કે ‘કોરોના સે ડરો ના લેકીન સચેત જરૂર રહો.’

- પ્રતિભાવો આવકાર્ય
samirtalod@yahoo.com